# શક્તિ (ભાગ ૧)

## શક્તિનું પ્રાસ્તાવિક વિવેચન

[Shakti (Part 1) Introduction to Shakti - Gujarati]

---

# ગ્રંથમાલિકાનું સંયુક્ત મનોગત

દેવતા વિશે જો અધ્યાત્મશાસ્ત્રીય માહિતી સમજાય, તો તેમના વિશે શ્રદ્ધા અધિક થવામાં સહાયતા થાય છે. શ્રદ્ધાને કારણે ઉપાસના ભાવપૂર્ણ થવામાં સહાયતા થાય છે અને આવી ઉપાસના વધારે ફળદાયી હોય છે.

શક્તિપૂજકોને અને શક્તિની સાંપ્રદાયિક સાધના કરનારાઓને સદર ગ્રંથમાલિકામાં આપેલી અધ્યાત્મશાસ્ત્રીય માહિતી નિશ્ચિત જ ઉપયોગી પુરવાર થશે; પણ સર્વસામાન્ય વ્યક્તિએ આ સંદર્ભમાં નીચે જણાવેલો નિયમ ધ્યાનમાં રાખવો. રામાયણ વાંચ્યા પછી શ્રીરામની, ગણપતિ અથર્વશીર્ષ વાંચ્યા પછી શ્રી ગણપતિની ઉપાસના કરવી, એવું કેટલાક લોકોને લાગે છે. તે જ રીતે આ ગ્રંથમાલિકામાંની માહિતી વાંચીને 'આપણે પણ શ્રી લક્ષ્મી, શ્રી દુર્ગા ઇત્યાદિ દેવીઓની ઉપાસના કરવી', એવું કેટલાકને લાગવાની શક્યતા છે. પણ આ પ્રકારની ઉપાસનાથી બધાની જ આધ્યાત્મિક ઉન્નતિ ઝડપી થતી નથી; કારણકે જો શ્રી લક્ષ્મી, શ્રી દુર્ગા ઇત્યાદિ દેવીઓની ઉપાસના કરવી તેમને આવશ્યક હોય, તો જ તે ઉપાસનાથી વધારે લાભ થાય છે, અન્યથા ઘણી સાધના કરવા છતાં બહુ જ ઓછી પ્રગતિ થાય છે. આવી દેવીઓની ઉપાસના કરવી આવશ્યક છે કે નહીં, તે સર્વસામાન્ય માણસને સમજાતું નથી; માટે તેણે કેવળ માહિતી તરીકે જ આ ગ્રંથમાલિકા વાંચવી. શક્તિની અનુભૂતિ થવાની દૃષ્ટિએ સાધનાના પહેલા તબક્કા તરીકે પોતાના કુળદેવતાનો નામજપ કરવો. કુળદેવતાની ઉપાસના વિશેની માહિતી પ્રસ્તુત ગ્રંથમાલિકામાં આપી છે. (શ્રી લક્ષ્મી, શ્રી દુર્ગા ઇત્યાદિ કુળદેવતા હોય તો તેમની ઉપાસના અવશ્ય કરવી.) પછી જ્યારે ગુરુ અન્ય એકાદ દેવીનો નામજપ કરવા કહે, અથવા સાધનાના આગળના તબક્કે આધ્યાત્મિક ઉન્નતિ માટે તે દેવીનો નામજપ કરવો આવશ્યક હોય, તો ત્યારે આ ગ્રંથમાલિકામાં આપેલી માહિતીનો ઉપયોગ તે દેવી પરની શ્રદ્ધા વધારવા માટે થશે. અન્ય લોકોને આ ગ્રંથમાં આપેલી માહિતી વાંચીને વિવિધ દેવીઓ વિશે કંઈક નવું જાણવા મળ્યું એવું લાગશે.

આ ગ્રંથમાલિકા વાંચીને ભક્તોની દેવી પરની શ્રદ્ધા અધિક દૃઢ થાય અને પ્રત્યેકને સાધના કરવાની પ્રેરણા મળે, એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના. - **સંકલક**

-----------------------------------------------------------

# અનુક્રમણિકા

(કેટલાક વિશિષ્ટતાપૂર્ણ સૂત્રો [મુદ્દાઓ] '*' ચિહ્નથી દર્શાવ્યાં છે.)


**૧. વ્યુત્પત્તિ અને અર્થ** ૧૭

**૨. શક્તિઓનાં નામ, સામર્થ્ય અને ગુણો વિશેની અસંદિગ્ધતા** ૧૮

**૩. આદ્યાશક્તિ** ૧૮

૩ અ. અર્થ ૧૮

૩ આ. કેટલાંક અન્ય નામો ૧૯

૩ ઇ. ત્રણ મુખ્ય રૂપો : મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી ૧૯

**૪. શક્તિઓની નિર્મિતિ** ૨૦

૪ અ. એકાદ દેવતાએ નિર્મિતિ કરવી ૨૦

૪ આ. દેવતાઓની શક્તિઓના એકત્રીકરણને લીધે નિર્મિતિ થવી ૨૦

**૫. પ્રકાર** ૨૧

* ભગવાનની શક્તિઓ : અંતરંગ, તટસ્થ અને બહિરંગ ૨૧

* 'વિદ્યા' અને 'મોહિની' ૨૨

* કાર્ય અનુસાર પ્રકાર : ઉત્પત્તિ, સ્થિતિ અને લય સાથે સંબંધિત શક્તિઓ ૨૨

* બ્રહ્મદેવ સાથે સંબંધિત શક્તિ : બ્રહ્માણી અને સરસ્વતી ૨૩

* શ્રીવિષ્ણુ સાથે સંબંધિત શક્તિ : શ્રી લક્ષ્મી ૨૫

* શિવજી સાથે સંબંધિત શક્તિ : પાર્વતી ૨૯

* શ્રી ગણપતિ સાથે સંબંધિત શક્તિ : શારદા ૪૯

* દેવો સાથેના સંબંધો અનુસાર પ્રકાર ૫૦

* ગૌણશક્તિ : યોગિની, માતૃકા અને નદીરૂપ શક્તિ (ગંગા, નર્મદા અને કેટલીક અન્ય પવિત્ર નદીઓ) ૫૧

* યોગમાર્ગ અનુસાર પ્રકાર ૫૮

* માનવી સાથે સંબંધિત શક્તિ ૫૮

* માનસિક અને આધ્યાત્મિક ગુણો પર આધારિત મનઃ શક્તિ ૫૯

* શક્તિનો ઉપયોગ કરનારાઓની વૃત્તિ અનુસાર ૫૯

* ઉન્નતોમાં રહેલી શક્તિ અને તે વ્યય થવાનાં કેટલાંક કારણો ૬૦

* સારી અને ત્રાસદાયક શક્તિ ૬૨

૬. **સપ્તલોક અને શક્તિનું પ્રમાણ** **૬૩**

૭. કાર્ય **૬૪**

* કોઈપણ કાર્યની સિદ્ધિ માટે શિવ અને શક્તિ બન્ને આવશ્યક ૬૪

* લક્ષ્મીતંત્ર અનુસાર કાર્ય ૬૪

૮. **મર્યાદા** **૬૫**